નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. 61-A તા.૧૪-૦૯-૨૦૨૩

ફક્ત હિન્દી ઝોનની મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ન.પ્રા.શિ.સમિતિ અમદાવાદના હિન્દી ઝોનમાં પ્રવાસી શિક્ષકોની ફાળવણી કરવા બાબત.

આથી હિન્દી ઝોનના તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના હિન્દી ઝોન સંચાલિત મ્યુનિ.શાળાઓમાં આ સાથે સામેલ પત્રકના કોલમ નં . ૧૮ માં જણાવ્યા મુજબ પ્રવાસી શિક્ષકો ફાળવવામાં આવે છે. સબંધિત શાળાના મુખ્ય શિક્ષકે આ સાથે સામેલ પત્રમાં દર્શાવેલ શરતો અને સુચનાઓને આધિન પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવાની રહેશે અને નિમણૂંક કર્યા બાદ અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

બિડાણઃ- યાદી અને
નાયબ શિક્ષણ નિયામકશ્રીનો તા. ૨૩-૦૬-૨૦૨૨ નો પત્ર

તા. ૧૪-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2022/5729-5815
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 23/06/2022

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા માટે પ્રવાસી શિક્ષકોની નિમણુંક કરવાની મંજૂરી આપવા બાબત.

સંદર્ભઃ- (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.21/12/2015
(2) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.20/12/2021
(3) આ કચેરીના ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2021/5083-5169 તા.14/06/2022
(4) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.22/06/2022

ઉપર્યુક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના સંદર્ભ-1 ઠરાવથી રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ પૈકી ખાલી રહેલ જગ્યાઓ નિયમિત રીતે ભરાય ત્યાં સુધી શિક્ષણકાર્ય અટકે નહીં તે હેતુથી તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવાની યોજના સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-2 ઠરાવથી પ્રાથમિક શિક્ષણના પ્રવાસી શિક્ષકો માટે તાસદીઠ અને મહત્તમ દૈનિક વેતનમાં સુધારો કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ-4 ના ઠરાવથી રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ના ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત વર્ષ 2022-23 નુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

આ કચેરીના સંદર્ભ-3 ના પત્રથી તમામ જિલ્લા/નગરને પ્રવાસી શિક્ષકો ભરવા અંગેના માંગણાપત્રક રજૂ કરવા સૂચના આપેલ હતી. જે અન્વયે જિલ્લાઓ તરફથી મળેલ માંગણાપત્રક ધ્યાને લેતાં શિક્ષણ વિભાગ તરફથી મંજૂર કરેલ ગ્રાન્ટની મર્યાદામાં આ સાથે સામેલ એનેક્ષર-1 થી 3 અનુસાર જીલ્લાવાર પ્રવાસી શિક્ષકોની ફાળવણી કરવામાં આવે છે. જે જીલ્લાવાર ફાળવેલ પ્રવાસી શિક્ષકોની મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ વંચાણ-1, 2 અને 4 ઉપરાંત નીચે મુજબની શરતોને આધીન તા.01/07/2022 થી તા.30/04/2023 સુધી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક સબંધિત જિલ્લા અધિકારીએ કરવાની રહેશે.

1. ખાલી જગ્યા ધરાવતી પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરતી વખતે શિક્ષણ વિભાગના તા.01/04/2022 ના ઠરાવની જોગવાઈ અનુસાર તા.30/06/2022 ની સ્થિતિએ શાળામાં શિક્ષક-વિદ્યાર્થી મહેકમ પ્રમાણે મંજૂર મહેકમ કરતાં શિક્ષકોની સંખ્યા વધે નહીં તે જોવાનું રહેશે.
2. સ્થાનિક કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષકે શાળાના એક સિનિયર શિક્ષક તથા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંયુક્ત રીતે પ્રવાસી શિક્ષકની નિમણુંક કરવા નિર્ણય કરવાનો રહેશે.
3. જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં જ્યાં હાલ એક શિક્ષકવાળી શાળા છે ત્યાં બીજો શિક્ષક મળવાપાત્ર હોય તો તેવા કિસ્સામાં પ્રવાસી શિક્ષક માટે તેવી શાળાઓને પસંદગીમાં પ્રાથમિકતા આપવાની રહેશે.
4. ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને પ્રાથમિકતા આપવાની રહેશે.
5. ધો-1 થી 5 અને ધો-6 થી 8 ની ખાલી જગ્યાઓ પર નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારોની નિમણૂંક કરવાની રહેશે.
6. એનેક્ષર-1 થી 3 અનુસાર મંજુર કરેલ પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતાં માનદવેતન માટે આ સાથે સામેલ ગ્રાન્ટ માંગણી પત્રક તથા પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી એ રજુ કરવાનું રહેશે. હાલ જુલાઈ-2022 માસના ખર્ચને ધ્યાને લઈ માંગણાપત્રક રજૂ કરવાનુ રહેશે, જે એક માસના ખર્ચને ધ્યાને લઈ આ કચેરી દ્વારા ત્યાર પછીના દર માસે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. જો સત્રના મધ્યમાં અત્રેથી ફાળવેલ પ્રવાસી શિક્ષકોની મર્યાદામાં નિમણૂંક આપેલ પ્રવાસી શિક્ષકોની સંખ્યામાં વધારો કે ઘટાડો થાય તો તે અંગેની જાણ અત્રેની કચેરીને કરી તદઅનુસારની માંગણી કરવાની રહેશે.
7. પ્રવાસી શિક્ષકને ચાલુ શૈક્ષણિક કામગીરીમાં કોઈ રજા કે છૂટ આપી શકાશે નહીં.
8. જે નિયમિત શિક્ષક/વર્ગનુ શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષક સંભાળે છે. તે શિક્ષક/વર્ગની શૈક્ષણિક કામગીરી સિવાયની અન્ય તમામ કામગીરી મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.
9. ધોરણ 1 થી 5 ની શાળામાં વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી 60 સુધીની વિદ્યાર્થી સંખ્યા હોય તો વધુમાં વધુ એક જ પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરવાની રહેશે.
10. અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વર્ગદીઠ શિક્ષકનો રેશિયો નક્કી થયેલ હોઇ, તેમાં ખૂટતા શિક્ષક માટે જ પ્રવાસી શિક્ષકની વ્યવસ્થા કરવાની રહેશે.
11. સદર પ્રવાસી શિક્ષકો નિમણુંક વાળી શાળામાં યોગ્ય કામ કરે છે કે કેમ ? તેની ચકાસણી કરવા તથા બિનજરૂરી કામગીરી/ચુકવણું ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી એ તેમની કક્ષાએથી ગોઠવવાનું રહેશે.
12. પ્રવાસી શિક્ષકને કામ સોંપવા માટે કોઈ લેખિત હુકમ કરવાના રહેશે નહીં.

13. શિક્ષણ વિભાગના તા.20/12/2021 ના ઠરાવની શરતો અનુસાર તાસ પદ્ધતિ ન હોઈ, ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન રૂ.510/- અને ઉચ્ચક માસિક મહત્તમ વેતનની મર્યાદા રૂ.10,500/- થી વધે નહી તે મુજબ પ્રવાસી શિક્ષકોને માનદ વેતન ચુકવવાનું રહેશે.

14. પ્રાથમિક શાળાઓમાં બાળકોનું શૈક્ષણિક કાર્ય ચાલુ હોય તેટલા દિવસ પુરતા જ પ્રવાસી શિક્ષકને કામગીરી કરાવવાની રહેશે અને તે કરેલ કામગીરીના દિવસો પૂરતો જ પગાર ચૂકવવાનો રહેશે.

15. પ્રવાસી શિક્ષકોને ચૂકવવાના થતાં માસિક પગારની રકમ જીલ્લા કક્ષાએથી ફાળવણી કરી શાળા કક્ષાએથી જે તે શિક્ષકને RTGS મારફતે જ ચૂકવવાનો રહેશે તથા તેની વિગતો સબંધિત જીલ્લા અધિકારીએ આ કચેરીને રજૂ કરવાની રહેશે.

16. આ યોજના અંતર્ગત નિયમાનુસાર પ્રવાસી શિક્ષકોની નિમણુંક અને માનદ વેતનની ચુકવણી થાય તે અંગેની તકેદારી સબંધિત અધિકારીશ્રીએ રાખવાની રહેશે. તેમજ તેમા ચૂક થવાને કારણે ભવિષ્યમાં કોઇ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સબંધિત અધિકારીની રહેશે.

17. આપના જિલ્લા/નગરમાં આ કચેરી દ્વારા ફાળવેલ પ્રવાસી શિક્ષકોની સંખ્યા કરતાં ઓછા પ્રવાસી શિક્ષકોની જરૂરીયાત હોય તો આ પત્ર મળ્યેથી દિન-7 માં આ કચેરીને જાણ કરવાની રહેશે જેથી અન્ય જરૂરીયાતવાળા જિલ્લા/નગરમાં તે મુજબના પ્રવાસી શિક્ષકો ફાળવી શકાય.

18. ઉપરોકત શરતો ઉપરાંત શિક્ષણ વિભાગના તા.21/12/2015, તા.20/12/2021 અને તા.22/06/2022 ના ઠરાવ તથા વખતોવખતના અન્ય ઠરાવની જોગવાઇઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(આર. આર. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બિડાણઃ- એનેક્ષર-1 થી 3, પ્રમાણપત્ર અને ગ્રાન્ટ માંગણી પત્રક.

નકલ સવિનય રવાનાઃ-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.) સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રા.અને માધ્ય. શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાનાઃ-

- નાયબ શિક્ષણ નિયામકશ્રી, પ્લાન શાખા, સદર કચેરી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

હિન્દી ઝોન

પ્રવાસી શિક્ષક મંજૂરી યાદી

ક્રમ	શાળાનુ નામ	બા.વા. થી ધો.5 કુલ	શિક્ષકોની વિગત		મળવાપાત્ર મહેકમના સંદર્ભમાં		ધો. 6 થી 8 કુલ	શિક્ષકોની વિગત		મળવાપાત્ર મહેકમ સંદર્ભમા		કુલ મહેકમ			ફાળવવાના પ્રવાસી શિક્ષક			જુના ફાળવેલા પ્રવાસી	કુલ ફાળવેલા પ્રવાસી	પ્રવાસી પછીની ઘટ
			મળવાપાત્ર શિક્ષકોનુ મહેકમ બાલવાટીકા થી ધો.પ	શાળામાં હાલ કામ કરતાં શિક્ષકો બાલવાટીકા થી ધો.પ	શિક્ષક વધ	શિક્ષક ખાલી જગ્યા		મળવાપાત્ર શિક્ષકોનુ મહેકમ ધો. 6 થી 8	શાળામાં હાલ કામ કરતાં શિક્ષકો ધો. 6 થી 8	શિક્ષક વધ	શિક્ષક ખાલી જગ્યા	કુલ મહેકમ	કુલ કામ કરતાં	કુલ ઘટ	ફાળવવાના પ્રવાસી શિક્ષક 1 થી 5	ફાળવવાના પ્રવાસી શિક્ષક 6 થી 8	કુલ ફાળવવાના પ્રવાસી શિક્ષક			
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	21
1	PURUSHOTTTAM. NAGAR HINDI - 1	372	10	5	0	5	205	6	3	0	3	16	8	8	1	2	3	0	3	5
2	ODHAV HINDI 1	626	16	7	0	9	286	9	8	0	1	25	15	10	3	0	3	0	3	7
3	G.I.D.C. ODHAV HINDI SCHOOL NO - 1	800	20	11	0	9	410	12	9	0	3	32	20	12	1	1	2	3	5	7
4	AMBIKA HINDI SCHOOL NO - 1	190	5	4	0	1	103	3	3	0	0	8	7	1	0	0	0	0	0	1
5	KARSHANNAGAR HINDI SCH 1	579	15	8	0	7	297	9	7	0	2	24	15	9	3	0	3	2	5	4
6	ODHAV HINDI-3	632	16	14	0	2	384	11	10	0	1	27	24	3	0	0	0	0	0	3
7	RAJPUR H - 5	164	5	4	0	1	104	3	1	0	2	8	5	3	0	1	1	0	1	2
8	AMRAIWADI HINDI - 5	216	6	3	0	3	122	4	2	0	2	10	5	5	1	1	2	0	2	3
9	AMRAIWADI HINDI - 7	547	14	7	0	7	344	10	7	0	3	24	14	10	2	1	3	1	4	6

1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	21
10	AMRAIWADI HINDI - 4	238	6	6	0	0	139	4	4	0	0	10	10	0	0	0	0	0	0	0
11	VASTRAL HINDI SCHOOL NO 1	360	9	0	0	9	31	1	0	0	1	10	0	10	1	1	2	3	5	5
12	GOMTIPUR H - 1	304	8	4	0	4	175	5	5	0	0	13	9	4	1	0	1	0	1	3
13	RAJPUR H - 2	215	6	3	0	3	118	4	3	0	1	10	6	4	1	0	1	0	1	3
14	KHOKHARA HINDI - 4	221	6	2	0	4	116	4	3	0	1	10	5	5	0	1	1	1	2	3
15	AMRAIWADI HINDI - 1	328	9	4	0	5	152	5	4	0	1	14	8	6	1	0	1	0	1	5
16	BAHERAMPURA H-1	168	5	2	0	3	104	3	2	0	1	8	4	4	1	0	1	1	2	2
17	AMRAIWADI-H.9	184	5	3	0	2	88	3	3	0	0	8	6	2	0	0	0	0	0	2
18	KALUPUR H.2	115	4	2	0	2	43	3	1	0	2	7	3	4	1	1	2	0	2	2
19	ASARWA HINDI 5	0	0	0	0	0	226	7	2	0	5	7	2	5	0	2	2	0	2	3
20	ASARWA HINDI 8	288	8	4	0	4	0	0	0	0	0	8	4	4	1	0	1	1	2	2
21	ASARWA HINDI 9	129	5	3	0	2	79	3	2	0	1	8	5	3	1	0	1	0	1	2
22	PRITAMPURA HINDI - 1	87	3	3	0	0	54	3	1	0	2	6	4	2	0	0	0	0	0	2
23	ASARWA HINDI - 1	239	6	4	0	2	126	4	2	0	2	10	6	4	1	1	2	0	2	2
24	SARASPUR HINDI - 4	251	7	5	0	2	136	4	2	0	2	11	7	4	0	1	1	0	1	3
25	BAPUNAGAR HINDI - 4	236	6	1	0	5	115	4	2	0	2	10	3	7	0	1	1	3	4	3
26	BAPUNAGAR HINDI - 5	233	6	5	0	1	119	4	4	0	0	10	9	1	0	0	0	0	0	1
27	BAPUNAGAR HINDI - 8	231	6	3	0	3	157	5	4	0	1	11	7	4	1	0	1	0	1	3
28	SARASPUR HINDI - 1	0	0	0	0	0	164	5	4	0	1	5	4	1	0	0	0	0	0	1
29	SARASPUR HINDI - 2	317	8	2	0	6	0	0	0	0	0	8	2	6	3	0	3	0	3	3
30	BAPUNAGAR HINDI - 1	234	6	1	0	5	140	4	4	0	0	10	5	5	3	0	3	0	3	2
31	RAKHIYAL HINDI SCH NO. 1	130	5	1	0	4	73	3	2	0	1	8	3	5	1	1	2	1	3	2
32	NARANPURA HINDI 1	143	5	3	0	2	61	3	2	0	1	8	5	3	1	0	1	0	1	2

1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	21
33	NARANPURA HINDI 3	264	7	5	0	2	228	7	5	0	2	14	10	4	0	0	0	1	1	3
34	DUDHESHWAR - HINDI 1	171	5	2	0	3	97	3	2	0	1	8	4	4	1	0	1	0	1	3
35	SHAHIBAUG HINDI - 1	89	3	1	0	2	42	3	2	0	1	6	3	3	0	0	0	1	1	2
36	AMARPURA HINDI - 1	217	6	1	0	5	99	3	2	0	1	9	3	6	2	0	2	1	3	3
37	DIGVIJAY PRI. SCHOOL HINDI	73	3	2	0	1	0	0	0	0	0	3	2	1	0	0	0	0	0	1
38	CHANKYA PRIMARY SCHOOL (HINDI MEDIUM)	360	9	4	0	5	194	6	2	0	4	15	6	9	2	2	4	0	4	5
39	DKEBIN HINDI. PRIMARY SCHOOL	146	5	3	0	2	95	3	3	0	0	8	6	2	0	0	0	0	0	2
40	NAVA VADAJ HINDI - 1	478	12	11	0	1	236	7	5	0	2	19	16	3	0	0	0	0	0	3
41	SABARMATI HINDI - 1	261	7	5	0	2	175	5	4	0	1	12	9	3	0	0	0	0	0	3
42	VADAJ HINDI 1	179	5	1	0	4	112	4	4	0	0	9	5	4	2	0	2	0	2	2
43	MEGHANINAGAR HINDI - 1	280	7	8	1	0	200	6	5	0	1	13	13	0	0	0	0	0	0	0
44	KUBERNAGAR AMB H - 1	0	0	0	0	0	391	12	10	0	2	12	10	2	0	0	0	0	0	2
45	KUBERNAGAR AMB H - 2	639	16	6	0	10	0	0	0	0	0	16	6	10	2	0	2	3	5	5
46	KUBERNAGAR HINDI SHALA NO 4	306	8	3	0	5	160	5	3	0	2	13	6	7	3	0	3	1	4	3
47	SARDAR HINDI SHALA NO - 1	264	7	3	0	4	155	5	1	0	4	12	4	8	1	1	2	1	3	5
48	NOBALNAGAR HINDI SCHOOL 2	216	6	3	0	3	76	3	2	0	1	9	5	4	1	0	1	0	1	3
49	LILANAGAR HINDI SCHOOL NO 1	132	5	0	0	5	0	0	0	0	0	5	0	5	1	0	1	1	2	3
50	NAVA NARODA HINDI PRI SCHOOL	146	5	2	0	3	68	3	1	0	2	8	3	5	1	0	1	0	1	4
51	SAIJPUR HINDI SCHOOL NO-2	33	2	0	0	2	0	0	0	0	0	2	0	2	1	0	1	0	1	1
52	SAIJPUR HINDI SHALA NO1	865	22	10	0	12	453	13	7	0	6	35	17	18	2	2	4	4	8	10
53	KRUSHNANAGAR HINDI SHALA 1	120	4	2	0	2	85	3	2	0	1	7	4	3	1	0	1	0	1	2
54	THAKKARNAGAR HINDI SCHOOL - 2	697	18	9	0	9	0	0	0	0	0	18	9	9	2	0	2	2	4	5
55	THAKKAR HI SCHOOL - 1	0	0	0	0	0	376	11	10	0	1	11	10	1			0	0	0	1

1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	21
56	INDRAPURI HINDI SCHOOL 1	440	11	2	0	9	169	5	4	0	1	16	6	10	2	0	2	3	5	5
57	BAGEPHIRDOSH-H.1	578	15	10	0	5	380	11	9	0	2	26	19	7			0	1	1	6
58	VINOBABHAVE H.1	317	8	4	0	4	187	6	4	0	2	14	8	6	1	0	1	1	2	4
59	RAMOL HATHIJAN HINDI PUBLIC SCHOOL	836	21	0	0	21	304	9	0	0	9	30	0	30	10	4	14	5	19	11
60	VATAVA H-1	433	11	7	0	4	313	9	5	0	4	20	12	8	1	1	2	0	2	6
61	JANIYA PIR HINDI PRI SCHOOL	232	6	3	0	3	114	4	0	0	4	10	3	7	1	1	2	0	2	5
62	VATVA HINDI SCHOOL NO.4	156	5	2	0	3	97	3	2	0	1	8	4	4	1	0	1	1	2	2
63	SHAHWADI HINDI SCHOOL-1	753	19	0	0	19	204	6	0	0	6	25	0	25	4	3	7	6	13	12
64	**TOTAL**	**18458**	**494**	**233**	**1**	**262**	**9681**	**303**	**200**	**0**	**103**	**797**	**433**	**364**	**71**	**29**	**100**	**48**	**148**	**216**